| GJMR040002982018 | | |
|---|---|---|
| | દાખલ તારીખ | ૨૨/૦૨/૨૦૧૮ |
| | રજી.તારીખ | ૨૨/૦૨/૨૦૧૮ |
| | ફેસલ તારીખ | ૩૦/૦૩/૨૬ |
| | સમયગાળો | વર્ષ ૦૮, માસ ૦૧, દિવસ ૦૮ |

**મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ,મુ.વાંકાનેર,જી.મોરબી.**

**રે.દિ.મુ.નં.૪૩/૧૮**

**આંક:..............**

**વાદી:-**

(૧) મહમદ અમીનભાઇ મીમનજીભાઇ બાદી
ઉ.વ.આ.૫૫,ધંધો.ખેતી,

(૨) અબ્દુલભાઇ અમીનભાઇ બાદી
ઉ.વ.આ.૫૦,ધંધો.ખેતી,
બંને રહે.તીથવા,તા.વાંકાનેર,
જી.મોરબી.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:-**

(૧) ઇદ્રીશ હસન વલીભાઇ ભાલારા
ઉ.વ.આ.૪૫,ધંધો.ખેતી
રહે.તીથવા,તા.વાંકાનેર,
જી.મોરબી.

**દાવો:- વિજ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા માટેનો..**

---

વાદી તર્ફે વિ.વ.શ્રી :-એચ.એમ.શેઠ
પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી :-એસ.વી.પરાસરા

---

-:જજમેન્ટ:-

૧) વાદીના દાવાની ટુકમાં હકીકત એવી છે કે,વાદીઓની ખેતીની જમીન તીથવા ગામે આવેલ છે.જેની પુર્વ તરફ ભલારા ઇદ્રીશ હશનનુ ખેતર આવેલ છે.પચ્ચીમ બાજુ ખોરાજીયા હાજીઅમીનનુ ખેતર આવેલ છે.ઉતર તરફ સીપાઇ મંજુરહુશેન આહમદનુ ખેતર આવેલ છે.તેમજ દક્ષીણ તરફ

અમરસરનો સીમાડો આવેલ છે.પ્રતિવાદીએ અદલા–બદલાના દસ્તાવેજથી ખેતીની જમીન વર્ષો પહેલા ખરીદ કરેલ છે.પ્રતિવાદીની જમીનની ઉતર તરફ સીપાઇ અલાવદી હાજીના વારસોની જમીન આવેલ છે.દક્ષીણ બાજુ અમરસર ગામના સીમાડાની જમીન આવેલ છે.પુર્વ તરફ સ.નં.૧૩૧૭/૨ વાળી જમીન આવેલ છે.પચ્ચીમ તરફ વાદગ્રસ્ત રસ્તાાવાળી સ.નં.૧૩૧૭/૪ પૈકી ૨ પૈકી ૧ તથા વાદી નં.ર સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૧,૧૩૧૫/૪,૧૩૧૫/૨ જમીન આવેલ છે.વાદીએ ખેતરમાં આંતરીક હાલ–ચાલનો રસ્તો પોતાના પુરતો ચોતરફ રાખેલ હોવાનુ અને આ રસ્તે પ્રતિવાદીને હાલચાલ કે ખેતીના સાધનો લાવવા લઇ જવાનો હક કે અધિકાર નથી તેવુ જણાવેલ છે.તેમજ પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે જમીનમાં હક ઉભા કરવા મામલતદાર કોર્ટમાં કેશ કરેલાનુ જણાવેલ છે.પ્રતિવાદીએ તા.૧૫/૪/૭૭ ના અદલા–બદલામાં દસ્તાવેજથી ખેતીની જમીન સ.નાં. ૧૩૧૭/૩, એ.૩–૧૫ ગું. ખરીદ કરેલ છે.જે દસ્તાવેજ માં સ્પષ્ટ રીતે જણાવ્યા મુજબ અમરસર ના સીમાડેથી થઈ તેમના ખેતરમાં આવી જઈ શકાય છે. પ્રતિવાદી આ રસ્તેથી વર્ષોથી હાલ–ચાલ કરે છે. ખેતીના સાધનો પાક લાવે લઈ જાય છે. જે જાહેર રસ્તો હોઇ, જેમાં પ્રતિવાદીને કોઈ પણ જાત ની અટકાયત રૂકાવટ કરતા ન હોવા છતાં વાદીઓના ખેતરમાં જે આંતરીક રસ્તો છે, તે બાબતે તકરારો કરતા હોય દાવો કરેલાનુ જણાવેલ છે.જેથી હાલનો દાવો કરી વાદીઓના તીથવા ગામે આવેલ ખેતીની જમીન સ.નાં.૧૩૧૭/૪ પૈકી ૨ માં તથા વાદી નં. ૨ ની ખેતીની જમીન સ.નં.૧૩૧૭/૪ પૈકી ૩ માં વાદીના ખેતરમાં આંતરીક રસ્તામાં પ્રતિવાદીને રસ્તા માં કોઈપણ જાતનો હાલ–ચાલ ખેતીના સાધનો ઉત્પાદન લાવવા–લઈ જવાનો અધિકાર નથી તેવુ વિજ્ઞાપન મેળવવા તથા કાયમી મનાઈહુકમ પ્રતિવાદી સામે ફરમાવવા દાવા દરમ્યાન વચગાળાની મનાઇ અરજી સહીત દાવો કરેલ છે.

(૨) વાદીની દાવા અરજી રજીસ્ટરે લઇ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ પ્રતિવાદીને દાવાનો સમન્સ કાઢવામાં આવતા પ્રતિવાદી વકીલ મારફતે હાજર થયેલ છે અને વાદીની દાવા અરજી તથા મનાઇ અરજીનો આંક: ૧૩ થી લેખિત જવાબ રજૂ કરેલ છે.જેમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ની હકીકતોનો ઈનકાર કરેલ છે તથા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૩) આ કામના વાદીની દાવા દરમ્યાન વચગાળાની સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ ૧,૨ તથા કલમ–૫૧ મુજબની અરજી મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ નામંજુર કરવાનો હુકમ કરેલ છે.

(૪) વાદી તથા પ્રતિવાદી વચ્ચેની તકરાર ધ્યાને લઇ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ આંક:૧૯ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત કરેલ છે.

–:મુદાઓ:–

(૧)શું વાદી પુરવાર કરે છે કે,દાવા અરજીના પેરા–૪ ની વિગતે વાદીની તીથવા ગામે સ.નં. ૧૩૧૭/૪ પૈકી ૨,૩૬૪/૧ પૈકી ૧ તથા વાદી નં.૨ ની સ.નં.૧૩૧૭/૪ પૈકીની ૧, ૧૩૧૫/૪ તથા ૧૩૧૫/૨ વાળી જમીન આવેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજી પેરા–૪ની વિગતે વાદીએ તેમના ખેતરમાં આંતરિક હાલચાલનો રસ્તો તેમના પુરતો ચોતરફ રાખેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા–૬ની વિગતે પ્રતિવાદીએ વેચાણ રાખેલ જમીન સ.નં. ૧૩૧૭/૩ ના દસ્તાવેજમાં અમરસરના સીમાડેથી ખેતરમાં આવી જઈ શકાય છે, તેમ સ્પષ્ટ જણાવેલ છે, અને પ્રતિવાદી આ રસ્તેથી વર્ષોથી હાલચાલ કરે છે ?

(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવા જવાબના પેરા (૬–બી)ની વિગતે પ્રતિવાદી ને તેમની જમીનમાં આવવા જવા માટેનો કાયમી રસ્તો તીથવા ગામે થઈ સ.નં. ૧૩૨૧ના ખરાબામાં થઈ ખોરજીયા હાજી અમીની વાડીની દક્ષીણ દિશાએ થઈ પશ્ચિમથી પુર્વ તરફ આગળ વધતા વાદીની માલીકીના સ.નં. ૧૩૧૭/૪ પૈકી ૧ના દક્ષીણ ભાગમાં દાખલ થઈ તથા પુર્વ તરફ આગળ જતા વાદી નં.(૨)ની માલીકીના સ.નં. ૧૩૧૭/૨ના દક્ષીણ ભાગમાં થઈ આવેલ છે ?

(૫) શું પ્રતિવાદીપુરવાર કરે છે કે, પ્રતિવાદીનો સદરહુ રસ્તાનો વર્ષોથી ઉપયોગ કરે છે ?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીને તેમની જમીનમાં જવા આવવા માટેનો સદરહુ રસ્તા સિવાયનો અન્ય કોઈ રસ્તો આવેલ નથી?

(૭) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૮) શું હુંકમ અને હુકમનામું ?

(૫) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧)હકારમાં

(૨)નકારમાં

(૩)હકારમાં

(૪)હકારમાં

(૫)હકારમાં

(૬)હકારમાં

(૭)નકારમાં

(૮)આખરી હુકમ મુજબ

(૬) વાદી તર્ફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી મહમદ અમીનભાઇ મીમનજીભાઇ ની સરતપાસનુ સોગંદનામુ | ૩૩ |
| ૨ | અબ્દુલભાઇ અમીનભાઇ બાદીનુ સરતપાસનુ સોગંદનામુ | ૫૬ |
| ૩ | કોર્ટ કમીશનરશ્રી પુંજાભાઇ વાલાભાઇ સાગઠીયાનો મૌખીક પુરાવો | ૬૪ |
| ૪ | શેરસીચા ઇકબાલ માહમદભાઇ ની સરતપાસનુ સોગંદનામુ | ૬૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ખાતા નં.૩૩૭ ના ગામ નમુના ૮–અ ની ખરી નકલ | ૩૫ |
| ૨ | સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના નમુના ૭ ની ખરી નકલ | ૩૬ |
| ૩ | સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના નમુના ૧૨ ની ખરી નકલ | ૩૭ |
| ૪ | ખાતા નં.૩૩૮ ના ગામ નમુના ૮–અ ની ખરી નકલ | ૩૮ |
| ૫ | સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના નમુના ૭ ની ખરી નકલ | ૩૯ |
| ૬ | સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના નમુના ૧૨ ની ખરી નકલ | ૪૦ |
| ૭ | તીથવાના હકપત્રકની નોંધ નં.૪૩૦૨ ની નકલ | ૪૧ |
| ૮ | તીથવાના હકપત્રકની નોંધ નં.૪૮૧૫ ની નકલ | ૪૨ |
| ૯ | તીથવાના હકપત્રકની નોંધ નં.૭૯૦૫ ની નકલ | ૪૩ |

(૭) વાદી તર્ફે વધુ કોઇ પુરાવા રજુ કરેલ નથી.વાદી તર્ફે આંક:૬૭ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૮) પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખીક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી ઇદ્રીશ હશન વલીભાઇ ભાલારાની સરતપાસનુ સોગંદનામુ | ૭૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સ.નં.૧૩૧૭/૩ ના નમુના ૭ ની ખરી નકલ | ૭૫ |

| | | |
|---|---|---|
| ૨ | સ.નં.૧૩૧૭/૩ ના નમુના ૧૨ ની ખરી નકલ | ૭૬ |
| ૩ | તીથવાના ખાતા નં.૧૨૭૭ ના ૮-અ નો ઉતારો | ૭૭ |
| ૪ | અદલા બદલીનો દસ્તાવેજ નં.૨૮૪/૧૯૭૭ | ૭૮ |
| ૫ | સીમતળનો નકશો | ૭૯ |
| ૬ | માલતદાર કોર્ટ કેશ નં.૧૮/૧૭ ની દાવા અરજી | ૮૦ |
| ૭ | મામલદાર રૂબરુ કરવામાં આવેલ સ્થળ સ્થતિનુ પંચનામુ | ૮૧ |
| ૮ | મામલતદાર કોર્ટ કેશ નં.૧૮/૧૭ માં ફરમાવેલ હુકમ | ૮૨ |
| ૯ | મામલદાર કોર્ટ કેશ/રીવીઝન કેશ નં.૪/૧૮-૧૯ નો હુકમ | ૮૩ |
| ૧૦ | રસ્તો ખુલ્લો કરવાાનુ સર્કલ ઓફીસરનુ પંચરોજકામ | ૮૪ |

(૭) પ્રતિવાદી તર્ફે વધુ કોઇ પુરાવા રજુ કરેલ નથી.પ્રતિવાદી તર્ફે આંક:૮૭ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૮) વાદી તર્ફે આંક:૮૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.

(૯) પ્રતિવાદી તર્ફે દલીલ કરી જણાવેલ છે કે,વાદીના દાવા અરજીની દાદ જોતા પ્રતિવાદીને વાદીના ખેતરમાં આંતરીક રસ્તામાં પ્રતિવાદીને રસ્તા માં કોઈપણ જાતનો હાલ-ચાલ ખેતીના સાધનો ઉત્પાદન લાવવા-લઈ જવાનો અધિકાર નથી તેવુ જ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ માટેનો દાવો કરેલ છે.વાદી તથા પ્રતિવાદીની જમીન એકજ ધાવાની છે.આ કામના પ્રતિવાદીએ તા.૧૫/૦૪/૭૭ ના રોજ અદલાબદલીથી જમીન ખરીદ કરેલ છે.જેનો દસ્તાવેજ આંક:૭૮ થી રજુ કરેલ છે.જેના પેજ નં.૨૧૩ ઉપરના ભાગે લખેલ છે તેમાં આ ખેતરનો રસ્તો અમરસર ના સીમાડે થઇ અમી મીમનજીના ખેતરના સીમાળાવાળા શેઢે થઇને કાયમી રસ્તો આવેલાનુ જણાવેલ છે.અમીમીમનજી જે વાદી છે.વાદીની ઉલટ તપાસમાં પેરા-૫ માં દક્ષીણ રસ્તો અને અમરસર ગામનો સીમાડો આવેલાનુ જણાવેલ છે.જેથી પહેલા રસ્તો છે પછી સીમાડો છે.હાલના દાવા અગાઉ પ્રતિવાદીએ મામલતદાર કોર્ટમાં ૧૮/૧૭ થી દાવો કરેલ હતો જે મંજુર થયેલ.જે હુકમ સામે વાદીએ રીવીઝન કરેલ જે નામંજુર થયેલ છે.જે હુકમ સામે કોઇ અપીલ કરેલ નથી.આંક:૬૪ થી સ.નં.૧૩૧૭/૧ ના રફ સ્કેચમાં રસ્તો જણાવેલ છે.વાદીની જમીની દક્ષીણ દિશાએ એકમાત્ર રસ્તો આવેલ હોવાનુ સ્વીકાર કરેલ છે.જેથી બીજો રસ્તો આવેલ નથી.આંક:૬૮ ના રફ સકેચમાં દક્ષીણ દીશાએ રસ્તો છે.જે એકજ રસ્તો છે.જે મામલતદાર કોર્ટ ધ્વારા હુકમ કરી રસ્તો હોવાનુ જણાવેલ છે.વાદી દાવો લઇને આવેલ હોય રસ્તો નથી તેવુ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહેલ છે.જે પ્રતિવાદીએ પુરવાર કરવાનુ નથી.વાદીએ મામલતદાર કોર્ટના હુકમને ચેલેન્જ કરેલ નથી કે ખોટો હુકમ હોય તેવુ જણાવેલ નથી.આંક:૭૯ થી સીમતળનો નકશો રજુ

કરેલ છે.જેમાં સ.નં.૧૩૧૭ આખો ધાવો આવેલ હોવાનુ જણાવેલ છે.જેથી વાદીનો દાવો રદ્ કરવા રજુઆત કરેલ છે.

(૧૦) ઉપરોકત પેરા–૫ માં જણાવેલ મુદાના જવાબોના મારા કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

**મુદા નંબર ૧ ના જવાબના કારણો :–**

આ કામના વાદી દાવો લઈને આવેલ હોય ભારતીય સાક્ષ્ય સંહિતા અધિનીયમની જોગવાઈઓ મુજબ દાવાની હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે રહેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે અનીલ રીશી વી.ગુરૂબક્ષ સીંગ ના ચુકાદામાં ઠરાવલ છે કે, “19. There is another aspect of the matter which should be borne in mind. A distinction exists between burden of proof and onus of proof. The right to begin follows onus probandi. It assumes importance in the early stage of a case. The question of onus of proof has greater force, where the question is, which party is to begin. Burden of proof is used in three ways: (i) to indicate the duty of bringing forward evidence in support of a proposition at the beginning or later; (ii) to make that of establishing a proposition as against all counter-evidence; and (iii) an indiscriminate use in which it may mean either or both of the others. The elementary rule in Section 101 is inflexible. In terms of Section 102 the initial onus is always on the plaintiff and if he discharges that onus and makes out a case which entitles him to a relief, the onus shifts to the defendant to prove those circumstances, if any, which would disentitle the plaintiff to the same.

આ કામના વાદી મહદમ અમીનભાઈ મીમનજીભાઈ નાઓએ આંક:૩૩ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં વાદીની વાંકાનેર તાલુકાના તીથવા ગામે વાદી નં.૧ ના કબજા ભોગવટાની અને માલીકીના સ.નં.૧૩૧૭/૪ પૈકી ૨, તથા સ.નં.૩૬૪/૧ પૈકી ૧ તથા વાદી નં.૨ ની સ.નં.૧૩૧૭/૪ પૈકી ની ૧, ૧૩૧૫/૪ તથા ૧૩૧૫/૨ વાળી જમીન આવેલ હોવાનુ જણાવેલ છે.વાદીની માલીકીની જમીન બાબતે પ્રતિવાદીએ કોઇ તકરાર લીધેલ નથી.તેમજ કોઇ ચર્ચા કરવી જરૂરી નથી.જેથી મુદદા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.

**મુદદા નં.૨ થી ૬ ના જવાબના સંયુકત કારણો:–**

વાદી મહદમ અમીનભાઈ મીમનજીભાઈ નાઓએ આંક:૩૩ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં વાદીએ મૌખીક પુરાવામાં જણાવેલ છે,વાદીને તેમના ખેતરમાં આંતરિક હાલચાલનો રસ્તો તેમના પુરતો ચોતરફ રાખેલ છે.જેમાં વાદીઓને અવર જવરનો રસ્તો હોવાનુ અને પ્રતિવાદીઓને કોઇ

હક કે અધિકાર ન હોવાનુ જણાવેલ છે.તેમજ પ્રતિવાદીને તેની જમીન સ.નં. ૧૩૧૭/૩ ના દસ્તાવેજમાં અમરસરના સીમાડેથી ખેતરમાં આવી જઈ શકાય તેવુ જણાવેલ છે અને પ્રતિવાદી આ રસ્તેથી વર્ષોથી હાલચાલ કરતા હોવાનુ જણાવેલ છે.તેમજ પ્રતિવાદી ને તેમની જમીનમાં આવવા જવા માટેનો કાયમી રસ્તો તીથવા ગામે થઈ સ.નં.૧૩૨૧ ના ખરાબામાં થઈ ખોરજીયા હાજી અમીની વાડીની દક્ષીણ દિશાએ થઈ પશ્ચિમથી પુર્વ તરફ આગળ વધતા વાદીની માલીકીના સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના દક્ષીણ ભાગમાં દાખલ થઈ તથા પુર્વ તરફ આગળ જતા વાદી નં.૨ ની માલીકીના સ.નં. ૧૩૧૭/૨ ના દક્ષીણ ભાગમાં થઈ આવેલ હોવાનુ જણાવેલ છે.

આ કામના વાદી નં.૨ અબ્દુલભાઈ મીમનજીભાઈ બાદીનાઓએ આંક:૫૬ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં દાવા અરજીની હકીકતોને સર્મથન કરતો પુરાવો આપેલ છે.તેમજ વાદી નં.૧ ના પુરાવાને સર્મથન કરતો પુરાવો આપેલ છે.તેમજ વાદી તર્ફે સાહેદ નં.૩ કોર્ટ કમીશનર નો આંક:૬૪ થી મોખકી પુરાવો રજુ કરેલ છે.જેઓએ વાદગ્રસ્ત જગ્યાનુ કોર્ટના હુકમ આધારે પંચકયાસ તથા રફ સ્કેચ બનાવી રજુ કરેલ છે.જેઓના પુરાવામાં પંચકયાસ આંક:૬૫ તથા રફ સ્કેચ આંક:૬૬ થી રજુ કરેલ છે.

તેમજ <u>વાદી તર્ફે સાહેદ નં.૪ શેરસીયા ઈકબાલ માહમદભાઈનો આંક:૬૫ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.</u>જેમાં વાંકાનેર તાલુકાના તીથવાની સીમમાં મારી તથા મારા ભાઈઓને સયુંક્ત નામે ખેતીની જમીન સર્વે નં.૧૩૨૦/૧ પૈકી ૧ તથા સર્વે નં.૧૩૨૦/૨ ની ખાતા નં.૧૪૩૯ થી અમારી વડીલોપાર્જીત આવેલ હોવાનુ જણાવેલ છે.તેમજ આ જમીનથી પુર્વેબાજુ બે ખેતર છોડી આ કામના વાદીઓની સર્વે નં.૧૩૧૭/૪ પૈકીની આવેલ છે.આ કામના વાદીઓની તથા પ્રતિવાદીની સર્વે નં.૧૩૧૭ પૈકીની આવેલ છે.જે મે જોયેલ છે.મારી જમીનની દક્ષિણ તરફ રસ્તો આવેલ છે.જે રસ્તો સળંગ સર્વે નં.૧૩૧૭ પૈકીની જમીન પુરી થાય ત્યાં સુધીનો છે.આ કામના પ્રતિવાદી મારી જમીનની દક્ષિણે તથા વાદી મોહમદ અમીનભાઈ તથા અબ્દુલ અમીનભાઈ બાદીની દક્ષિણે આવેલ રસ્તા ઉપર થઈ તેની જમીન સર્વે નં.૧૩૧૭ પૈકીમાં ખેતી કરવા માટે અવર–જવર કરે છે.આ કામના પ્રતિવાદીને મે વાદીની જમીનમાંથી અવર–જવર કરતા કે ચાલતા જોયેલ નથી તેવુ જણાવેલ છે.તેમજ પ્રતિવાદી તેમની જમીન સર્વે નં.૧૩૧૭/૩ માં ખેતી કરવા માટે વાદીની જમીનમાંથી તેઓ અવર–જવર કરતા હોવાની ખોટી રજુઆત કરી રહેલ હોવાનુ જણાવેલ છે.આ સાહેદની ઉલટ તપાસમાં અબ્દુલભાઈના કહેવા મુજબ જુબાની આપેલ હોવાનુ જણાવેલ છે.તેમજ વાદીઓની જમીનમાં શું સ્થીતિ છે તે ખબર નથી તેવુ સ્વીકાર કરેલ છે.તેમજ કોણી જમીનમાથી કયાથી રસ્તો પસાર થાય છે તેની મને ખબર ન હોય તેવુ જણાવેલ છે.જે પુરાવો જોતા આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

આ કામના પ્રતિવાદી ઈદ્રીશ હસન વલીભાઇ ભાલારાનો આંક:૭૧ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં પ્રતિવાદીની ખેડવાણ જમીન વાંકાનેર તાલુકાના તીથવા ગામના રે.સ.નં.૧૩૧૭/૩ થી હે.આરે.૧–૩૬–૫૮ ચો.મી. માળીયુ તરીકે ઓળખાતી જુની શરતની ખેડવાણ જમીનના ખેડુત ખાતેદાર હોવાનુ તથા અમો બન્ને ભાઈઓ આ જમીન વાવીતા હોવાનુ જણાવેલ છે.તેમજ અમોની આ ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.૧૩૧૭/૩ અમો પ્રતિવાદીને અમારા પીતાના ખાતેથી વારસાઈ રીતે આવેલ છે સદરહું જમીન અમારા પીતા ભાલારા હસન વલીએ તીથવા ગામના ખેડત બાદી હસન અમી પાસેથી અદલા–બદલાના વેચાણ દસ્તાવેજ નં.૨૯૩ તા.૧૫–૪–૧૯૭૭ ના સમયથી આવેલ છે.સદરહું દસ્તાવેજની નકલ માર્ક ૧૮/૬ થી રજુ છે.ત્યારથી સદરહુ જમીન અમારા પીતાના કબ્જા, ભોગવટામા અને તે રીતે અને પ્રતિવાદીના ઉતરોતર કબ્જા, ભોગવટામા આવેલ હોવાનુ તથા હાલ તીથવા ગામના ખાતા નં.૧૨૭૭ થી વાદીના કબ્જા, ભોગવટામા અને માલીકીમા આવેલ હોવાનુ જણાવેલ છે.તેમજ સ.નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના દક્ષિણ ભાગમા દાખલ થાય તેમ ત્યાથી પુર્વ તરફ આગળ જતા વાદી નં.૨ ની માલીકીની ખેડવાણ જમીન સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૨ ના પણ દક્ષિણ ભાગમા થઈ તેની પુર્વ તરફ આવેલ અમો પ્રતિવાદીના સર્વે નં.૧૩૧૭/૩ મા આવવા જવાનો કાયમી અને વર્ષો જુનો રસ્તો આવેલ હોવાનુ જણાવેલ છે.આ સીવાય અમો પ્રતિવાદીને અમારી વાડીમા આવવા માટેનો અન્ય કોઈ રસ્તો નથી.તેમજ આ જમીન પ્રતિવાદીના પિતાએ તીથવા ગામના ખેડુત બાદી હસન અમી પાસેથી વેચાણ રાખેલ છે ત્યારે બાદી હસન અમી નાએ પણ વેચાણ દસ્તાવેજ રજી.નં.૨૯૩ મા એવી શરત અમોના પિતા ને લખી આપેલ છે કે તીથવા ગામના સર્વે નં.૧૩૧૭/૩ એ.૩–૧૫ ગુંઠા વાળી જમીનમા જવા આવવા માટેનો રસ્તો અમરસરના સીમાડે થઈ અમી મીમનજીના ખેતરના સીમાડા વાળા શેઢે થઈને કાયમી રસ્તો છે એટલે કે આ રસ્તાના હકક સહિત મુળ માલીકે અમો પ્રતિવાદીના વડવાએ જમીન વેચાણ આપેલ છે અને આ રીતે ઉતરોતર રાજાશાહી વખતથી આજ સુધી અમો પ્રતિવાદી સહુ કોઈ જુએ જાણે તે રીતે રસ્તાનો ઉપયોગ કરતા આવેલ હોવાનુ જણાવેલ છે.જેમા વાદીને અંતરાય અવરોધ કરવા કે ઉકાવટ કરવા કોઈપણ હકક, અધિકાર નથી.જયારે દસ્તાવેજમા ઉલ્લેખ કર્યા મુજબ અમી મીમનજી બાદીના ખેતરમાથી એટલે કે આ કામના વાદી નં.૧ તથા ૨ તે અમી મીમનજી બાદીના વારસો છે અને તે જમીનના ધારણકર્તા છે આમ તેઓની જમીનમાથી અમો પ્રતિવાદીની જમીનમા જવા–આવવાનો કાયદેસરનો રસ્તો આવેલ છે તેવુ સ્પષ્ટ થયેલ છે.મામલતદાર કોર્ટ એકટ કલમ–૫ મુજબ રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ હોય એટલે કે બાય વે ઓફ ગ્રાન્ટથી તેમજ બાય વે ઓફ કસ્ટમ થી પણ આ રસ્તો અમો પ્રતિવાદીના હકક, હીત, હીસ્સા અને અધિકાર વાળો હોય તેમ છતા પણ વાદીઓ રસ્તાનો હકક ડુબાળવા હાલનો ખોટો


દાવો લઈ આવેલ હોવાનુ જણાવેલ છે. તેમજ આ કામના વાદીઓની માલીકી જમીન સર્વે નં.૧૩૧૭/૪ એ અમોની માલીકીની જમીનનો મુળ ધાવાનો એક ભાગ હોવાનુ જણાવેલ છે.વાદી નં.૨ નાઓએ પ્રતિવાદીની જેમ વાદી નં.૧ ની જમીનના દક્ષિણ ભાગેથી પશ્ચિમથી પુર્વ તરફ આવે જાય છે અને ત્યાથી આગળ એ જ રસ્તા ઉપરથી અમો પ્રતિવાદી અમારી વાડીમા જવા આવવાનો ઉપયોગ, ઉપભોગ કરતા હોવાનુ જણાવેલ છે.

આ સાહેદનો વાદી તર્ફેનો ઉલટ તપાસનો પુરાવો જોતા હું હાલમાં બરોડા ખાતે સેન્ટ્રલ જી.એસ.ટી. માં નોકરી કરુ છું. હું વર્ષ ૧૯૯૪ થી નોકરી કરુ છું. હું બરોડા રહુ છું. મારી દાવા વાળી જમીન નો સર્વે નં.–૧૩૧૭/૩ છે. જે ગામ થી પુર્વ દિશા માં આવેલી છે. મારી સદરહું જમીનની દક્ષીણ બાજુ અમરસર નો સીમાડો આવેલ છે. મારી સદરહું જમીન માં પુર્વ બાજુ સર્વે નં.–૧૩૧૭/૨ ની જમીન આવેલ છે. આ જમીન માથકીયા ની છે. સર્વે નં.–૧૩૧૭/૨ વાળી જમીન ની પુર્વ બાજુ સર્વે નં.–૧૩૧૭/૧ ની જમીન આવેલ છે તે કોની માલીકીની છે તેની મને ખબર નથી. મારી સર્વે નં.–૧૩૧૭/૨ ની જમીન માં કોઈ નો રસ્તો પસાર થતો નથી. સર્વે નં.–૧૩૧૭/૨ વાળા તેમની જમીનમાં જવા માટે કયાથી આવ–જા કરેલ છે તેની મને ખબર નથી. સર્વે નં.–૧૩૧૭/૧ વાળા તેમની જમીનમાં જવા માટે કયાથી આવ–જા કરેલ છે તેની મને ખબર નથી.આ કામના વાદીઓ સગા ભાઇઓ થાય છે.વાદીઓની દાવા વાળી જમીન સર્વે નં.–૧૩૧૭/૪ તથા સર્વે નં.–૧૩૧૫/૪ તથા સર્વે નં.–૧૩૧૫/૨ તથા સર્વે નં .–૩૬૪ ની જમીનો બાજુ બાજુ માં આવેલી છે.દાવા વાળી અમારી જમીન સર્વે નં .–૧૩૧૭/૩ ની અમો એ સને ૧૯૭૭ માં વેચાણ રાખેલ છે.દાવા જવાબ પારા ૧૦ માં મે જણાવેલ વાદી નં. ૧ ની માલીકીન ખેડવાણ જમીન સર્વે નં.–૧૩૧૭/૪ પૈકી ૧ ના દક્ષીણ ભાગ માં દાખલ થાય તેમ ત્યાંથી પુર્વ તરફ આગળ જતા વાદી નં.– ૨ ની માલીકીની ખેડવાણ જમીન સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૨ ના દક્ષીણ ભાગ માં થઈને તેની પુર્વ તરફ આવેલ અમો પ્રતિવાદીના સર્વે નં.૧૩૧૭/૩ માં આવા જવા નો કાયમી અને વર્ષો જુનો રસ્તો છે તે બાબતે મારા અને વાદીઓ વચ્ચે કોઈ કરાર થયેલ નથી એમ તેમજ આ રસ્તા થી અમોને અવર જવર કરવા વાદીઓ એ મંજુરી આપેલ હોય તેવુ કોઈ લખાણ મારી પાસે નથી.સને ૧૯૭૭ માં થયેલ દસ્તાવેજ માં વાદીઓની સહી નથી.વાદીની જમીન માં દક્ષીણ સેઢેથી પ્રવેશ કરી પુર્વ થી પશ્ચીમ મને ચાલવાનો હકક છે તેવુ આંક–૭૮ વાળા દસ્તાવેજ માં ઉલ્લેખ કરેલ નથી.સાહેદ ખુલાસો કરી જણાવેલ છે કે આ ખેતર નો રસ્તો અમરસરના સીમાડે થઈ અમી મીમનજીના ખેતર ના સીમાડા વાળા સેઢે થઈને કાયમી રસ્તો છે તેવુ દસ્તાવેજ માં લખેલ છે.

આ કામના વાદી દાવો લઈને આવેલ હોય ભારતીય સાક્ષ્ય અધિનીયમ ની કલમ– ૧૦૧ મુજબ દાવાની હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે.વાદીએ દાવા અરજી તથા પુરાવામાં વાદીની જમીનમાં આંતરીક ચાલવાનો રસ્તો આવેલ હોવાનુ જણાવેલ છે.તેમજ આ રસ્તામાં પ્રતિવાદીને હાલચાલનો તથા ખેતીના કે અન્ય સાધનો લઈ જવાનો હક અધિકાર નથી તેવુ જણાવેલ છે.તેમજ આ વાદીના આંતરીક રસ્તામાં પ્રતિવાદીને ચાલવાનો હક અધિકાર નથી તેવુ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો દાવો કરેલ છે.

જેથી વાદીની દાવા અરજી તથા મૌખીક પુરાવામાં વાદીઓની જમીનમાં આવેલ આંતરીક રસ્તામાં પ્રતિવાદીઓ ચાલતા હોય તેઓને તેવો હક અધિકાર નથી તે માટે દાવો કરેલ છે.

દાવાના કામે સી.પી.સી.ઓર્ડર ૨૬ રૂલ ૧૦ મુજબ કોર્ટ કમીશનર માફરતે પંચકયાસ કરવા માટે વાદી તર્ફે અરજી રજુ કરતા જે મંજુર કરવામાં આવેલ અને કોર્ટ ના હુકમ મુજબ દાવાવાળી મિલકતની સ્થળ સ્થીતિ અંગે કોર્ટ કમીશનર ધ્વારા પક્ષકારોની હાજરીમાં રીપોર્ટ તૈયાર કરી આંક:૬૫ થી કોર્ટમાં રજુ કરેલ છે.તેમજ આંક:૬૬ થી સ્થળ સ્થીતિ દર્શાવતો રફ સ્કેચ રજુ કરેલ છે.જે સ્થળ સ્થતિ સમજવા માટે નીચે મુજબ રજુ કરેલ છે.




આંક:૬૫ થી રજુ કરેલ કફ સ્કેચમાં વાદી નં.૧ ના સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૧ ની તથા વાદી નં.૨ ના સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૨ ની જમીન આવેલ છે.તેમજ પ્રતિવાદીની સર્વે નં.૧૩૧૬/૨ ની જમીન આવેલ છે.વાદીઓની જમીનમાં ચોતરફ આંતરીક રસ્તો છે તેવુ કોર્ટ કમીશનરના રફ સ્કેચમાં જણાવેલ નથી.તેમજ આક:૬૫ ના પંચનામા મા પણ જણાવેલ નથી.સ્થળ ઉપર વાદીઓની તથા પ્રતિવાદીની જમીનના દક્ષીણ દીશા તરફ અમરસર ગામનો રસ્તો અને સીમાડો આવેલ છે.વાદી તર્ફે વાદી નં.૧ તથા વાદી નં.૨ નાએ મૌખીક પુરાવો આપેલ છે.તેમજ વાદી તર્ફે સ્વંતત્ર સાહેદ નં.૪ શેરસીયા ઇકબાલ માહમદભાઈનો આંક:૬૫ થી મૌખીક

પુરાવો રજુ કરેલ છે.જેઓની ઉલટ તપાસમાં અબ્દુલભાઈના કહેવા મુજબ જુબાની આપવા આવેલ હોવાનુ અને અબ્દુભાઈએ જે રીતે કહેલ તે રીતે સોગંદનામા લખાવેલ હોવાનુ જણાવેલ છે.તેમજ વાદીઓની જમીનમાં મારે આવવા જવાનુ થતુ ન હોવાનુ અને કોણી જમીનમાં કયાથી રસતો પસાર થાય છે તેની મને ખબર ન હોય તેવુ જણાવેલ છે.જેથી વાદી તર્ફેના આ સાહેદના પુરાવાથી વાદીઓના મૌખીક પુરાવાને સર્મથન મળેલ નથી.વાદી તર્ફે સાહેદ નં.૩ કોર્ટ કમીશનરનો પુરાવો રજુ કરેલ છે.જે આંક:૬૫ નુ પંચનામુ તથા આંક:૬૬ ના રફ સ્કેચ ની હકીકતો મુજબ મૌખીક પુરાવો આપેલ છે.વાદી નં.ર ની ઉલટ તપાસમાં માર્ક ૧૮/૧૦ થી ફોટા વાદીને બતાવતા તેમા જણાવેલ રસ્તો મારો હોવાનુ જણાવેલ.તેમજ વાદી નં.૧ ની ઉલટ તપાસમાં કુવો અને ઓરડી મારી જમીનના આથમણે (પચ્ચીમ)દિશાએ છે અને મારા કુવા અને ઓરડીની દક્ષીણ તરફ શેઢે મારગ આવેલ છે.તેમજ દક્ષીણ શેઢે રસ્તો પુરો થયા બાદ લાઇટની ટીસી આવેલ હોવાનુ જણાવેલ છે.જે રસ્તો આથમણી બાજુથી શરૂ થઇ ઉગમણી(પુર્વ) તરફ જાય છે તેવુ સ્વીકાર કરેલ છે.જે રસ્તે મારા ભાઈ જતા હોવાનુ સ્વીકાર કરેલ છે અને પ્રતિવાદી પણ જતા હોવાનુ ઈનકાર કરેલ છે.જેથી આંક:૬૬ ના રફ સ્કેચમાં જણાવેલ દક્ષીણ દિશાએ આવેલ પચ્ચીમ-પુર્વનો રસ્તો આવેલ હોવાનુ બીન તકરારી છે.વાદીના પુરાવામાં તેઓની જમીનના દક્ષીણ શેઢે આવેલ રસ્તો એક માત્ર રસ્તો હોવાનુ અને તે રસ્તો પોતાની જમીનમાં આવેલ હોવાનુ જણાવેલ નથી.વાદીની દાવા અરજીમાં પોતાની જમીનમાં ચોતરફ રસ્તો આવેલ હોવાનુ જણાવેલ છે તેવુ આંક:૬૫ ના રફ સ્કેચમાં નથી.

વાદી તર્ફેના સાહેદ નં.૩ કોર્ટ કમીશનરના આંક:૬૪ ના મૌખીક પુરાવામાં મને આંક:૬૬ નો રફ સ્કેચ બતાવવામાં આવે છે તેમા સર્વે નં.૧૩૧૭/૪,૧૩૧૭/૩,૧૩૧૭/ર તથા ૧૩૧૭/૧ ની દક્ષીણ તરફ તીથવા નો રસ્તો બતાવેલ હોવાનુ જણાવેલ છે.જયારે પ્રતિવાદી તર્ફેની સાહેદની ઉલટ તપાસમાં પંચનામા મા પ્રથમ દર્શાવેલ ચર્તુદીશા ની દક્ષીણ દીશા તરફ લખે વિગત તિથવા અમરસરનો સીમાડો તે લગત અમી મીમનજીભાઈના દક્ષીણ શેઢે થઈને તીથવા અમરસરનો રસ્તો આવેલ છે તેવુ લખેલ છે.તેમજ વાદીની જમીનની દક્ષીણ દીશા તરફ એક માત્ર રસ્તો આવેલ હોવાનુ સ્વીકાર કરેલ છે.જે પુરાવો જોતા વાદીઓની તથા પ્રતિવાદીઓની જમીનની દક્ષીણ દીશાએ આવેલ તીથવા-અમરસરના સીમાડાનો રસ્તો અેક માત્ર રસ્તો હોવાનુ જણાઇ આવે છે.વાદી નં.ર ની ઉલટ તપાસમાં તે રસ્તો પોતાનો હોવાનુ જણાવે છે.જેથી વાદી તથા પ્રતિવાદીઓની જમીનની ઉતર તરફ આવેલ રસ્તો જાહેર રસ્તો તથા એક માત્ર રસ્તો આવેલ હોવાનુ ફલીત થાય છે.

પ્રતિવાદીના આંક:૭૧ ના મૌખીક પુરાવામાં પ્રતિવાદીની જમીન સર્વે નં.૧૩૧૭/૩ માં આવવા–જવાનો કાયમી વર્ષો જુનો રસ્તો વાદી નં.૧ ના સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૧ ના દક્ષીણ ભાગમાં દાખલ થઇ પુર્વ તરફ વાદી નં.૨ ના સર્વે નં.૧૩૧૭/૪ પૈકી ૨ ના દક્ષીણ ભાગમાં થઇ તેની પુર્વ તરફ વાદી સર્વે નંબર ૧૩૧૭/૩ માં આવવા જવાનો રસ્તો આવેલ હોવાનુ જણાવેલ છે.વાદી તર્ફેની ઉલટ તપાસમાં પ્રતિવાદીના સર્વે નંબર ૧૩૧૭/૩ માં આવવા –જવાનો રસ્તો વાદીની જમીનની ઉક્ષીણ દીશામાં આવેલ કોઇ અન્ય રસ્તો હોય કે અન્ય કોઇ દીશામાં રસ્તો આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વધુમાં,પ્રતિવાદી તર્ફે આંક:૭૮ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૮૪ સને તા.૧૫/૦૪/૧૯૭૭ નો રજુ કરેલ છે.જે દસ્તાવેજ આધારે પ્રતિવાદીએ સર્વે નં.૧૩૧૭/૩ અદલા બદલીના દસ્તાવેજથી ખરીદ કરેલાનુ વાદીએ પણ દાવા અરજી તથા મૌખીક પુરાવામાં જણાવેલ છે.જેથી સ્વીકૃત હકીકતક છે.જેમાં **''આ ખેતરનો રસ્તો અમરસરના સીમાડે થઇ અમી મીમનજીના ખેતરના સીમાડાવાળા શેઢે થઇને કાયમી રસ્તો છે''** તેવો ઉલ્લેખ કરેલ છે.વાદી તર્ફે પ્રતિવાદીની ઉલટ તપાસમાં સદર દસ્તાવેજમાં વાદીઓએ સહી કરેલ નથી કે વાદીઓએ કોઇ સંમતી આપેલલ નથી તેવુ સ્વીકાર કરેલ છે.આંક:૭૮ વાળો દસ્તાવેજમાં જણાવેલ હકીકતો પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ ? તે બાબતે ભારતીય સાક્ષ્ય અધીનીયમની કલમ–૪૨ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી હોય નીચે મુજબ છે.

**Section 42 Opinion as to existence of right or custom, when relevant.-** When the Court has to form an opinion as to the existence of any general or public right or custom or any matter of general or public interest, the opinions, as to the existence of such right or custom or such matter, of persons who are likely to know of its existence if it existed or of that matter, as the case may be, are relevant.

Explanation: The expression 'general or public right or custom or any matter of general or public interest` includes rights or customs or matters common to any considerable class of persons.

Illustration:- The right of the villagers of a particular village to use the water of a particular well is a general right within the meaning of this section."

જેથી ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતા સામાન્ય રીવાજ અથવા હકના અસ્તીત્વ વિશેનો અભિપ્રાય પ્રસ્તુત છે.આ કેશમાં પ્રતિવાદી તર્ફે આંક:૭૮ થી રજુ કરેલ રજી.વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદીના ખેતરમાં આવવા–જવાના કાયમી હક બાબતે નો ઉલ્લેખ કરેલ છે.જે મિકલત વેચાણ કરનાર તે રસ્તાનો ઉપયોગ કરતા હોય પ્રતિવાદીને વેચાણ કરતા પ્રતિવાદીને પણ તે રસ્તેથી

આવવા–જવાના રસ્તા બાબતે નો કાયમી હક અધિકાર હોવાનુ જણાવેલ છે.જે દસ્તાવેજ સને ૧૯૭૭ ના વર્ષનો છે.જે રસ્તેથી મિલકત વેચાણ કરનારનો ચાલવાનો હક રહેલ હતો.જે દસ્તાવેજમાં ઉલ્લેખ કરેલ છે.જેથી રસ્તાના હક બાબતે કરેલ કથન પુરાવામાં ગ્રાહ્ય બને છે.જેથી સને ૧૯૭૭ માં થયેલ દસ્તાવેજમાં મિલકતમાં આવવા જવાનો રસ્તો આવેલ હોવાની હકીકત જણાવેલ હોય  જે હકીકત પુરાવામાં ગ્રાહ્ય હોય છે.જે રસ્તો પ્રતિવાદીનો ચાલવાનો રસ્તો નથી તેવુ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહેલ છે.જે વાદી તર્ફે પુરવાર કરેલ નથી કે પ્રતિવાદી તર્ફેના પુરાવાનુ ખંડન કરેલ નથી.

વધુમાં,આ કામના પ્રતિવાદીએ મામતલદાર કોર્ટ અધિનીયમની કલમ–૫ મુજબ કેશ દાખલ કરેલ હતો.જેની અરજીની ખરી નકલ આંક:૮૧ થી રજુ કરેલ છે.જે કેશમાં પ્રતિવાદીની તરફેણમાં હુકમ થયેલ છે.જેની ખરી નકલ પ્રતિવાદી તર્ફે આંક:૮૨ થી રજુ કરેલ છે.જેમાં આ કામના પ્રતિવાદીઓને પોતાના સર્વે નં.૧૩૧૭/૩ માં આવવા–જવાનો બીજો કોઇ વૈકલ્પીક રસ્તો નથી તેવી હકીકત પંચરોજકામ તથા સાહેદોના સોગંદનામાથી પુરવાર થતા રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ છે.જે દાવાના કામે તા.૨૫/૦૪/૧૭ ના રોજ પંચો,વાદી તથા પ્રતિવાદીઓની હાજરીમાં મામલતદારશ્રીએ સ્થળ ઉપર જઇ પંચરોજકામ કરેલ છે.જેમાં વાદીએ પ્રતિવાદીના સર્વે નં.૧૩૧૭/૩ ના ખેતરમાં આવવા–જવાનો રસ્તો બંધ કરેલ હોવાનુ જણાવેલ છે.જે કેશમાં આ કામના વાદીએ ના.કલેકટર સમક્ષ રીવીઝન કેશ દાખલ કરેલ.જે નામંજુર કરેલ છે અને આંક:૮૪ થી પંચરોજકામ રજુ કરેલ છે.જેમાં આ કામના વાદીઓએ બંધ કરેલ રસ્તો ખુલ્લો કરવાનુ રોજકામ થયેલ છે.

આ કામના વાદી તર્ફે દલીલમાં જણાવેલ છે કે,મામતદાર કોર્ટ એકટ હેઠળ થયેલ હુકમ સીવીલ કોર્ટને બંધનકર્તા નથી.સુખાધીકાર અંગેનો નિર્ણય કરવાની સત્તા માત્ર સીવીલ કોર્ટને છે.જેથી મામલતદાર કોર્ટ હેઠળ થયેલ હુકમ આ કેશમાં ધ્યાને લઇ શકાય નહી.

પક્ષકારો વચ્ચે મામલતદાર કોર્ટ એકટ હેઠળ થયેલ નિર્ણય કાયદા ધ્વારા સ્થાપિત પ્રક્રીયા અનુસાર કરેલ હુકમ સમરી નેચરનો છે.પક્ષકારો પોતાના હકના નિર્ણય માટે સીવીલ કોર્ટમાં દાદ માંગી શકે છે પરંતુ મામતલદાર કોર્ટનો થયેલ હુકમમાં કોઇ ક્ષતી ન હોય તો તે,સીવીલ કોર્ટમાં તેજ મુદદા ઉપરના નિર્ણય માટે મામતલદાર કોર્ટ ધ્વારા ગ્રાહ્ય રાખેલ દસ્તાવેજો તથા હકીકતો ધ્યાને લઇ શકે છે.જેથી મામલતદાર કોર્ટમાં ચાલેલ કેશમાં સ્થળ ઉપર કરવામાં આવેલ પંચ રોજકામ જોતા સ્થળ ઉપર એક માત્ર રસ્તો હતો અને જે રસ્તેથી આ કામના પ્રતિવાદી આવતા–જતા હોય જે આ કામના વાદીએ બંધ કરેલ હોય રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરવામાં આવેલ છે.જે પંચરોજકામ પંચો તથા પક્ષકારોની હાજરીમાં થયેલ છે.આ કામના પ્રતિવાદીને બીજો કોઇ

વૈકલ્પીક રસ્તો નથી.જેથી મામતલદાર કોર્ટનુ રેકર્ડનો પુરાવો ગ્રાહ્ય બને છે.હાલના કેશમાં આ કામના વાદીએ સુખાધીકારના હક માટે દાવો કરેલ નથી.વાદીની દાવા અરજીની દાદ જોતા વાદીની જમીનમાં પ્રતિવાદીને આવવા–જવાનો હક અધિકાર નથી તેવો કાયમી મનાઇ હુકમ માટે દાવો કરેલ છે.તેમજ વાદીના દાવાની અરજીના બચાવ માટે પ્રતિવાદીએ , વાદીની મિલકતમાં આવવા–જવાનો રસ્તો સુખાધીકારથી આવેલ હોવાનુ પુરવાર કરવાનુ નથી.પ્રતિવાદીએ દાવાના કામે કાઉન્ટર કલેઇમ દાખલ કરી પોતાનો સુખાધીકારથી કાયમી રસ્તો આવેલ હોવા બાબતે દાદ માંગેલ નથી.જેથી વાદીની દાવા અરજીની હકીકતો વિરુધ્ધ પ્રતિવાદીએ પુરવાર કરવાનુ નથી.જેથી આ કામના વાદી દાવા અરજી લઇને આવેલ હોય વાદીની જમીનમાં પ્રતિવાદીને ચાલવાનો રસ્તો આવેલ નથી તેવી હકીકત પુરવાર કરવાનો બોજો વાદીના શીરે રહેલ છે.જે વાદી તર્ફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી.જેથી મુદદા નં.૨ તથા મુદદા નં.૩ નો જવાબ નકારમાં આપુ છુ.તેમજ મુદદા નં.૪ થી ૬ નો જવાબ હકારમાં આપુ છુ.

**મુદદા નં.૭ ના જવાબના કારણો:–**

આ કામના વાદી તર્ફે મુદદા નં.૨ થી ૩ ની હકીકતો પુરવાર કરેલ નથી.ના.ગુજરાત હાઇકોર્ટના ચુકાદા ચીરાગ કિર્તીકુમાર વી.પ્રતાપભાઇ ગણપતભાઇ જગારીચા ના ચુકાદામાં ઠરાવેલ છે કે, 10. It is specifically observed that the suit filed by the plaintiff (appellant) for negative declaration is not maintainable. This Court has perused the prayers made in the plaint, wherein a prayer is sought against the defendants seeking declaration that they have no right on the said plot and they may be restrained from entering into the plot and also restrained from interfering in the possession and used of the said plot. The averments made in the plaint reflect that the plaintiff - appellant has specifically asserted that he is the owner of the suit property and is in possession of the same. Since the specific assertion is made by the plaintiff with regard to the ownership of the concerned plot, it cannot be said that the prayers made in the suit are in the nature of negative declaration, which can be said to be contrary to Section 34 of the Specific Relief Act. Section 34 of the Act, reads as under : -

34. Discretion of court as to declaration of status or right.--

Any person entitled to any legal character, or to any right as to any property, may institute a suit against any person denying, or interested to deny, his title to such character or right, and the court may in its discretion make therein a declaration that he is so entitled, and the plaintiff need not in such suit ask for any further relief:

Provided that no court shall make any such declaration where the plaintiff, being able to seek further relief than a mere declaration of title, omits to do so.

Explanation.--A trustee of property is a "person interested to deny" a title adverse to the title of some one who is not in existence, and whom, if in existence, he would be a trustee."

જેથી એ દાવા અરજીમાં પ્રતિવાદીને હાલચાલનો તથા ખેતીના કે અન્ય સાધનો લઈ જવાનો હક અધિકાર નથી તથા વાદીના આંતરીક રસ્તામાં પ્રતિવાદીને ચાલવાનો હક અધિકાર નથી તેવુ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો દાવો કરેલ છે.જેથી વાદીની દાવા અરજીની દાદ નકારાત્મક પ્રકારની હોય જેથી પણ મંજુર કરી શકાય નહી.જેથી વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હદકાર ન હોય વાદી તર્ફે ના ચુકાદાઓ વાદીના કેશને મદદરૂપ થતા નથી.જેથી વાદી તર્ફેની દલીલોનો અસ્વીકાર કરુ છુ અને પ્રતિવાદીની તર્ફેની દલીલોનો સ્વીકાર કરી મુદદા નં.૭ નો જવાબ નકારમાં આપુ છુ અને મુદદા નં.૮ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**::હુ ક મ ::**

(૧)વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨)વાદીને થયેલ દાવાનો ખર્ચ જાતે ભોગવવાનો તથા પ્રતિવાદીને થયેલ ખર્ચ વાદીઓએ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા.૩૦ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વાંકાનેર.

(વિરેન્દ્રસીહ શનાભાઇ ઠાકોર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
જજ કોડ જી.જે.૦૧૨૨૪